# પાટણના લેખો.

( ૫૦૬–૫૩૩ )

આ નંબરો નીચે આવેલા લેખો પાટણના જુદા જુદા મંદિરોમાંથી મળી આવ્યા છે. તેમાં—

નં. ૫૦૬ થી ૫૧૯ સુધીના લેખો, પાટણના મુખ્ય અને સુપ્રસિદ્ધ પંચાસરા પાર્શ્વનાથના મંદિરમાંના છે. આ બધા લેખો, આચાર્યો, સાધુઓ કે શ્રાવકોની મૂર્તિઓ ઉપર તેમજ ચરણપાદુકાઓ ઉપર છે. પંચાસરાના મંદિરમાં પેસતાં ડાબી બાજુએ એક ન્હાની સરખી ઓરડી છે અને તેમાં આચાર્યો વિગેરેની જ બધી મૂર્તિઓ સ્થાપિત કરેલી છે. મુખ્ય વેદિકા ઉપર, આચાર્ય હીરવિજય સૂરિ, વિજયસેન સૂરિ અને વિજયદેવ સૂરિ એમ ત્રણે તપાગચ્છના પ્રભાવક આચાર્યોની એક સરખી અને એક જ આકારની મૂર્તિઓ બેસાડેલી છે. નં. ૫૧૧,૧૨ અને ૧૩ નંબરના લેખો એજ મૂર્તિઓ ઉપર-નીચે બેસણી ઉપર-કોતરેલા છે. પાટણ નિવાસી પોરવાડ જ્ઞાતિના દોસી શંકરની ભાર્યા બાઇ વાલ્હીએ પોતાના પુત્ર પૌત્રના પરિવાર સાથે આ મૂર્તિઓ કરાવી હતી.

બાકીના પણ બધા લેખો, એજ ઠેકાણેની જુદી જુદી મૂર્તિઓ ઉપર કોતરેલા છે. હકીકત સ્પષ્ટ રીતે સમજાય તેમ છે.

૫૨૦,૨૧ અને ૨૩ નંબરના લેખો, અષ્ટાપદના મંદિરમાંના છે. જેમાં ૫૨૦ નં. નો લેખ, એ મંદિરમાંના ભોંયરામાં આવેલી સુપાર્શ્વનાથની પ્રતિમા ઉપરથી લીધો છે. પ્રતિમાના પાછળના ભાગમાં પણ લેખ કોતરેલો હોવાથી આદિ અંતનો ભાગ વાંચી શકાતો નથી.

૫૨૧ નં. નો લેખ, એજ ભોંયરામાં એક આચાર્યની મૂર્તિ છે તેના ઉપર કોતરેલો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૨૨ નં. નો લેખ, અંબિકા દેવીની મૂર્તિ ઉપર કોતરેલો છે. ભાવાર્થ:—મલયસુંદરી નામની કોઇ સાધ્વીની શિષ્યા નામે બાઇ સુહવે પોતાના આત્મકલ્યાણાર્થે સં. ૧૩૬૧ માં આ અંબિકાદેવીની મૂર્તિ કરાવી હતી. જેની પ્રતિષ્ઠા સોમસૂરિના શિષ્ય ભાવદેવ-સૂરિએ કરી.

નં. ૫૨૩ અને ૨૪ ના લેખો, ટાંગડિઆ વાડાના મંદિરમાંથી લીધેલા છે. જેમાં ૨૩ નં. નો લેખ, વાયડગચ્છના સુપ્રસિદ્ધ આચાર્ય જિનદત્તસૂરિના ( વિવેકવિલાસ નામક લોકોપયોગી ગ્રંથના કર્તાના ) શિષ્ય મહાકવિ અમરચંદ્રસૂરિ કે જેમણે बालभारत વિગેરે ઉત્તમ ગ્રંથો રચ્યા છે તેમની મૂર્તિ ઉપર કોતરેલો છે. એ મૂર્તિ, સં. ૧૩૪૯ માં, પં. મહેન્દ્રના શિષ્ય મદનચંદ્રે કરાવી હતી.

૫૨૪ નંબરનો, ખરતરગચ્છના પ્રસિદ્ધ આચાર્ય જિનદત્તસૂરિની મૂર્તિ ઉપર લખેલો છે. છેવટના અક્ષરો જતા રહ્યા છે,

૫૨૫ નં. નો લેખ, ત્રભાડાવાડાના મંદિરમાં બહાર ગોખલામાં બેસાડેલી કોઇ શ્રાવકની મૂર્તિ ઉપર કોતરેલો છે.

૫૨૬ અને ૨૭ નં. ના લેખો, ઢંઢેરવાડાના મહાવીર મંદિરમાં વાયડગચ્છના બે ઉપાધ્યાયોની મૂર્તિઓ ઉપર કોતરેલા છે.

૫૨૮ નંબરનો લેખ, વાસુપૂજ્યની ખડકીમાં આવેલા વાસુપૂજ્ય મંદિરમાંની એક મૂર્તિ ઉપર કોતરેલો છે. એ મૂર્તિ આચાર્ય વિનયચંદ્રસૂરિ કે જેઓ સૈદ્ધાંતિક પદ્વી ધરાવતા હતા ( એ આચાર્યે, कल्पनिरुक्त, मल्लिनाथ चरित्र વિગેરે અનેક ગ્રંથો લખ્યા છે ) તેમની છે.

૫૨૯ નં. નો લેખ, વખતજીના સેરીમાંના સંભવનાથના મંદિરમાં આચાર્ય વિજયસિંહસૂરિની મૂર્તિ ઉપર કોતરેલો છે.

૫૩૦ નં. નો લેખ, ખેત્રપાળની પોળમાં આવેલા શીતલનાથ મંદિરમાંની એક આચાર્યના મૂર્તિ ઉપર કોતરેલો છે.

૪૩



Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

૫૩૧ નં. નો લેખ, ભેસપતવાડામાં આવેલા ગૌતમ સ્વામિના નામે પ્રસિદ્ધ મંદિરમાંની મૂલ પ્રતિમા ઉપર કોતરેલો છે. આ લેખમાં જણાવ્યા પ્રમાણે એ મૂર્તિ, નાણકીયગચ્છના આચાર્ય સિદ્ધસેનસૂરિની છે અને તે સં. ૧૪૩૩ માં ધર્મે ( ને ? ) શ્વરસૂરિએ કરાવેલી છે. પરંતુ લોકો વગર સમજે, ફકત સાધુની મૂર્તિ જોઇનેજ તેને ગૌતમ-સ્વામિની મૂર્તિ કહે છે અને એ ભ્રમમાં ને ભ્રમમાંજ હજારો રૂપીઆ ખર્ચી ખાસ નવીન મંદિર તૈયાર કરાવી ગૌતમસ્વામિના નામે તેની પ્રતિષ્ઠા કરી છે !

૫૩૨ નંબરનો લેખ, મણીઆતીપાડામાં આવેલા સા. ઉજમ મૂલચંદના ઘરદેરાસરમાં રહેલી સ્ફટિકની પ્રતિમાના પરિકર ઉપર કોત-રેલો છે. એ પરિકર, સં. ૧૬૭૩ માં, પાટણનાજ નિવાસી શ્રીમાલી જ્ઞાતિના દો. ધનજી અને તેમની પત્ની અમરબાઇના પુત્ર દો. સંતોષીકે, પોતાની સ્ત્રી સહજલદે સાથે, ઋષભદેવની પ્રતિમાનો આ પરિકર કરાવ્યો હતો અને વિજયદેવસૂરિએ તેની પ્રતિષ્ઠા કરી હતી. મૂળ લેખમાં विजयदेवના બદલે विजयसेन નામ છપાઇ ગયું છે તે ભૂલ થએલી છે.

૫૩૩ નંબરનો લેખ, જોગીવાડાના મંદિરમાં પાષાણનો એક 'યંત્રપટ્ટ' છે તેના ઉપર કોતરેલો છે. એ યંત્ર. પાસચંદ્રસૂરિએ બનાવ્યું છે.